રસ-મય-રત્ન-માળા.

11/14 — ૨૫૫૧૫

જેની અંદર જુદી જુદી જાતના રસિક ભજનો, સિંધી-કાફીઓ, ઇશ્વર સ્તુતિ-પ્રાર્થનાઓ, કીર્તનો વગેરે અનેક જાતનાં પદોનો સંગ્રહ લેવામાં આવેલ છે.

જુદાં જુદાં સ્થળોથી

સંગ્રહ કરી પ્રસિદ્ધ કર્તા,

માસ્તર મુરાદઅલી ભાઇવલી.

ગાર્ડન ક્વાર્ટર સ્કૂલ, કરાંચી.

સંવત ૧૯૭૦ — ઇ સન ૧૯૧૪

આવૃત્તિ પહેલી. — નકલ ૫૦૦.

કીમ્મત ચાર આના.

રસ-મય--રત્ન--માળા.

જેની અંદર જુદી જુદી જાતના રસિક ભજનો, સિંધી-કાફીઓ, ઇશ્વર સ્તુતિ-પ્રાર્થનાઓ, કીર્તનો વગેરે અનેક જાતનાં પદોનો સંગ્રહ લેવામાં આવેલ છે.

જુદાં જુદાં સ્થળોથી

સંગ્રહ કરી પ્રસિદ્ધ કર્તા,

માસ્તર મુરાદઅલી ભાઇવલી.

ગાર્ડન ક્વાર્ટર સ્કુલ, કરાંચી.

સંવત ૧૯૭૦ ઇ. સન ૧૯૧૪

આવૃત્તિ પહેલી. નકલ ૫૦૦

કીમ્મત ચાર આના.

"શ્રી સત્યપ્રકાશ" પ્રીન્ટીંગ પ્રેસમાં શા. પ્રેમચંદ નહાલચંદ તથા ડાહ્યાભાઈ શકરાભાઈ ગાંધીએ છાપ્યું. ઠે. ખાડીઆ—અમદાવાદ.

પ્રિન્ટિંગ એજન્ટ

જીવનલાલ અમરશી મહેતા,

માલીક—પ્રિન્ટિંગવર્ક એન્ડ બુક્સ એજન્સિ; અમદાવાદ.

રસમય રત્નમાળા.

ઇશ્વર સ્તુતિ. (૧)

દેવ દયા નિધે ! તું ! કરૂણા કર,
નિશદીન અરજ અમારી;
હે ! જગ નાયક નાથ ! દયાળું, તુંજ રચના બહુ ભારી ! દેવ.
જલ, થલ, નભગણુ રચના ન્યારી,
સરસ વનસ્પતી અતી સુખકારી,
જગમાં રચના ન્યારી ન્યારી,
વંદન, વંદન, હે ઉપકારી.
વંદન કરોડ કરૂં, હસ્ત જોડી શીશ ધરૂં;
હે ! કૃપાનિધાન, તુંહી મગલ સહાય કર. દેવ.

(જે. વી. પં.)

ભજન કેશવલાલનો. (૨)

દીનનાથ દયાળ નટવર, હાથ મારો મૂકશોમાં,
દીનનાથ દયાળ નટવર, હાથ મારો મૂકશોમાં;
હાથ મારો મૂકશોમાં, હાથ મારો જાલજોની. દીન.
આ મહા ભવસાગરે, ભગવાન હું ભુલો પડયો છું;
ચૌદ લોક નિવાસ ચપળા–કાન્ત આ તક ચૂકશોમાં. દીન.

ઓથ ઇશ્વર આપની છે સાધન વિષે સમજુ નહિં હું,
પ્રાણ પાળક પોત જોઇ, શંખ આખર ફૂંકશોમાં. દીન.
માત તાત સગાં સહોદર જે કહું તે આપ મારે,
હે કૃપામૃતના સરોવર, દાસ સારૂ સૂકશોમાં. દીન.
શરણુ કેશવલાલનું છે, ચરણુ હે હરિ રામ તારૂં;
અખિલ નાયક આ સમય, ખોટે મસે પાણુ ખૂટશોમાં. દીન.

(કેશવકૃતિ.)

ગુરૂ પીઆલો. (૩)

પીઆલો અમને પાયોરે, ગુરૂએ મારે પ્રેમ કરી,
આ દેહીમાં દરશાયારે, હરોહર આપ હરી. પીયાલો.
પહેલો પીઆલો લખી રામનો જુગતે પાયો જોઇ,
કુંચી બતાવી આ દેહની, કળા બતાવી કોઈ;
ત્રિકુટી તાળાં ઉઘડયાં, સુનમાં દરસાણુા સોઇ,
નગર બધું જોયું રે, જોયું મેં તો જરીએ જરી. પીયાલો.
બીજે પીયાલે બુદ્ધિ વાપરી, આવી સતગુરૂની સાન,
વૈરાટ સરૂપી વરણુવું, જોતાં જમીન આસમાન,
આ દેવળમાં દરસાઈ રહ્યા, સાચા સતગુરૂ શામ,
એવી લગની મુને લાગીરે, બેઠી હુ તો ધ્યાન ધરી. પીયાલો.
ત્રીજે પીઆલે ત્રણુ ગુણુ પ્રગટીયા, પાંચ તત્વ પ્રકાશ,
સુન મંડલમાં શામ છે. અલખ પુરૂષ અવિનાશ.

નવખંડમાં જેની નામના, રવિ ઉગ્યાની આશ,
એવી અગમ નિગમની ખબરૂંરે ગુરૂએ મારે આપી ખંરી.
પીઆલો.

ચોથે પીઆલે સાન કરી, હરીએ ગ્રહીઓ હાથ,
એકવીસ બ્રહ્મ મંડળ ઉપરે મારે વાલે બંતાવી છે વાટ.
એ નામનાં મુને નેચળ થઈયા, નેચલ થઇયા છે નાથ
એવી અમારી ઉપરેરે, કેશવજીએ કરૂણા કરી. પીઆલો.

પાંચમો પીઆલો પુરણુ થઈઓ, ભેટીયા ભુદરરાય,
હ્રુદીયાના રવી પ્રગટીયા, જોતાં રજની જાય.
અખંડ ધારા મેવલા વુંઠા, માંહે ગેબી ગર્જના થાય.
એવા સુવાતુના સરવડારે, ઝરમર ઝરમર નુર જરે. પીઆલો.
છઠો પીઆલો લખી રામનો ને ચલ થઇયા લખી રામ.
ઘણુા દીવસ થઈયા ગોતતી ગુરૂએ બતાવ્યુ ગામ.
લખીરામ ચરણે રામજી ભણે પુરણુ પામીછું ધામ.
એવા સંત ચરણુમાં રાખોરે હુંતો ફોગટ ફેરા ઘણુા રે ફરી.
પીઆલો.

(ભ. ઇ. ઇ.)

રામ સમરવા વિષે. (૪)

સોહી રામ સમરોરે મારી આતમના આેધાર,
ભ્રમણુા ભાંગોરે તમે દરસ કરોને દીદાર. (ટોઢ.)

મોહો માયા મમતા બતાવે, અંધો કરે અહંકાર;
નુગરા સાકુટ શબ્દ ન માને, ધણી વિના ખાશે માર.
લેખાં લેશેરે ત્યારે ખુની થશે ખુવાર !— સોહી રામ.

સત સબદ સમજીયો નહિ શાને કરે કુટમ વહેવાર,
ભક્તિ ભાવે સંત ન શેવે, કેમ મળશે કીરતાર,
કુડને કાઢીને તુ સાચો નામ સંભાર, સોહીરામ.

રવિ ગુરૂ બોલ્યા પડદા ખોલ્યા પ્રગટ કરૂં પુકાર.
ગુરૂ ગમ હોય તો ગોતી જોજો, ત્રવેણી ટંકશાળ,
ગગન ગુફામાંરે કાંય સુણુ ઝીણો જણકાર ! સોહીરામ.

દીધાંરે દાન અમરાપુરી મળશે સફળ જનમ નરનાર,
હુંડી મળશે હજુરની તેતો કબુલશે કીરતાર,
શરણે આવ્યોરે તે જન આપણો કરી જાણુ. સોહીરામ.

સુરા પુરા સનમુખ ચાલે કાયર ભાગે ગમાર,
સુરને સાટે સાહેબ મળશે સફળ જનમ કરનાર,
મરજીવાનેરે કાંય, મોજ મળે દરબાર. સોહીરામ.

શબ્દ વિવેકી નીર્મળ ઝીણા તે પુગા પેલે પાર.
જીંયા અદ્ધર તખ્તપર આપ બીરાજે અલખ પુરૂષ અવિનાશ,
સોહી મુરતપરરે જાય લાલદાસ બલીહાર. સોહીરામ.

(ભ. ઇ. ઇ)

નરસિંહ મહેતાની પ્રાર્થના. (૫)

વહાલા વેગે આવોરે, દયા દીલે લાવોરે.

ભીડું મારી ભાગવાહોજી.

નહિં આવો તો છાંનાં ઉઘાડુ બધાં છીદ્ર વાલા નહિ આવો તો
છાનાં ઉઘાડુ બધાં છીદ્ર. વહાલા વેગે.

આહીરડામાં ઉછર્યા, ગોવળીયામાં વાસ,
ખાંધે કાળી કામળી, માગી પીધી છાશ;
માતા કેહે પુરીયા, પુરો મારી આશ.
રાખુ તમથી દાવોરે, ભીડું મારી ભાગવાહોજી
નહિ આવો તો છાનાં ઉઘાડું બધાં છીદ્ર. વહાલા.

બે માના બે બાપના નકટા નિર્લજ બાળ,
મહી માખણુના ચોરટા કંસ તણા હે કાળ;
સોડ તજો રાધા તણી દુર્જન આપે આળ.
ધીરા વેગે ધાવોરે, ભીડું મારી ભાગવાહોજી.
નહિ આવો તો છાનાં ઉઘાડું બધાં છીદ્ર. વહાલા.

(નરસિંહ મહેતો.)

સિંધી કાફી-વીયોગ વિષે.

તલબ તુંહીજી આહેમ ઢોલણુ, મીલ ખુધાજે વાસ્તે
નહેરમાં કરકા નજર, મુશકીલ કુશાજે વાસ્તે. તલબ.

ઝેર કીયો તો જે જવાની જે જુધાહી મુંસંઘે,
તો કમર પહીંજી કસી, જુલ્મો જફાજે વાસ્તે. તલભ.
શોંક આહે મુંહીખે ધીલભર હીક ધફા જાની દીસાં,
પોએ ખણી હણુ હથસાં ખંજર ખુધાજે વાસ્તે, તલભ.
કાશીધા નામે ખુધાજે ખતખણી વઝ મંજ હજુર,
કર જભાની અરજ તું હીન જહાં ફીધાજે વાસ્તે. તલભ.
અએ સનમતો હાલમું મીસ્કીન જો આહે મુધામ,
ચંહાસુણુ ધીલગીરજી શા હો શહાજે વાસ્તે. તલભ.

(અ. વ. સા.)

કાયા, હંસ વિષે.

જુનુરે થયુ રે દેવળ જુનુરે થયું,
મારો હંસલો નાનો; દેવળ જુનુરે થયું.
તારે મારેરે હંસા પ્રિત બંધાણી,
ચાલી ગયો હંસ પીંજર પડીરે રહ્યુંરે. મારો, હંસલો.
આરે કાયારે હંસા ડુલવા લાગી
પડી ગયા દાંત રેખું જડીઉંરે રહ્યુંરે. મારો, હંસલો.
સરખા સરખી હસા મળી સાહેલી,
તેમાંહે મનડું મારૂં મોહીરે રહ્યું૨. મારો, હંસલો.
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર,
પ્રેમના પ્યાલા હું તો પાઇને પીઉંરે. મારો, હંસલો.

[ભ. ઇ. ઇ.]

હરી નામ સાથે નેહ વિષે (૮)

હવેરે મને હરી નામથી, નેહ લાગ્યો,
ભાગી ભીડ ભવનો ભય ભાગ્યોરે. હવે મને.

માયા મંદિર મારા મનથી મેં મુકયા ને,
ઇંદ્રિની ઓળખાણુ મૂકી;
હેમ હીરાથી, હાર મઢેલા જે,
ચાલ્યો તે ઉપર મુખે થુંકીરે. હવે મને.

કોના સુત તાત, કોના માત ને ભ્રાત,
સરવે સ્વાર્થના સગપણુ રાખે;
પ્રાણુ ગયા પછી પાસે ન આવે કોઇ,
કાઢો કાઢો મુખે ભાખે રે હવે મને.

(નરસિંહ મહેતો.)

ગજલે ઝામીન. (૯)

યા અલી જીસ્પે તેરે લુત્ફકા સાયા હોગા,
તખ્તે શાહીસે બુલંદ ઉસકા પાયા હોગા. યા અલી.

યા મહમદ હય તેરે સામને યુસફ ઝરરા,
દસ્તે કુદરતને તેરે હુસ્ન બનાયા હોગા. યા અલી.

જીસ્ને કવન એન મે સમજહા હય તુમે પુસ્ત પનાહ,
ઉસ્કોદાર એ નક આફતસે બચાયા હોગા. યા અલી.

ચાહા યુસુફકી રહી હોગી ન મુસહફઝીતલબ,
જીસકી આખોમેં તેરા હુસ્ન સમાયા હોગા. યા અલી.
ખલ્કને જબકે ગીરાયા તુજેહ દીલસે ઝમીન,
હજરતે શાહાને ઉલ્ફતસે ઉઠયા હોગા. યા અલી.
(દીલગીર સાગર.)

મારૂં, તારૂં કરવા વિષે. (૧૦)

મેલી દે મનથી મારૂં, તારૂં રે માનવી,
પ્રભુ વિના કોઇ નથી તારૂં જી. (ટેક.)
આવ્યા અકેલા ને જાવું અકેલું વહાલા,
ભાડુતી ઘરને કહે છે મારૂં રે, માનવી,
પ્રભુ વિના કોઈ નથી તારૂં જી! મેલી દે.
સમશાન સુધી તારા સગાં સબંધી વાહાલા,
આવીને બાળે તન પ્યારૂં રે, માનવી,
પ્રભુ વિના કોઈ નથી તારૂં જી! મેલી દે.
લખ ચોરાશીમાં ફરવું ન હોય વાહાલા,
સાચું જો, જુઠું કર ન્યારૂં રે, માનવી,
પ્રભુ વિના કોઇ નથી તારૂં જી! મેલી દે.
દાસ પિપાજીના પ્રભુને ભજતાં વાહાલા,
પામશો અંતે ફળ સારૂં રે, માનવી,
પ્રભુ વિના કોઇ નથી તારૂં જી, મેલી દે.
(પાપાજી.)

જુદાઇના ગમ વિષે સિંધી કાફી. (૧૧)

અખડીઉં રોજ રૂવન નીત નેણુ ભરે,
મુંજો પુનલ વીઓ પરદેશ પરે. અખડીઉં.
નેણુ નીમાણુા સુવણુા રોજ રૂવનતા,
રૂવણુ બાજુ કીન રહનતા;
મારી અસ તુંહી જેરે જોક જરે. અખડીઉં.
ધીલ ભર ભાજુ જાની ધીલડી ધીવાની,
કદે અચી મીલંદે મુંજા જીયજા જાની,
મુંહીજે મીલણુજી તું કાન કરે. અખડીઉં.
પુનલ મુંજો જાની સધા પરદેશી,
હલોત હલઉં બટે પેર ભરે. અખડીઉં.
સસુઈ સુતી જાની સેજ પલંગ તે,
પુનલ વઠી વીઆ જત જોર કરે. અખડીઉં.
હોત હરી સંગ આહે અકભારી,
ધરધ વાર નખે મૌલા દે દીલદારી;
મસ્તનજી દીલ મસ્ત કરે. અખડીઉં.

(ઇ. મુ. હા.)

બાળ જવાન વૃદ્ધ વિષે. (૧૨)

ભક્તિનો મારગ બહુ કઠણુ છે,
દોરી ઉપર ખેલે જેમ નટડીરે—તમે ખોલો મુસાફર ગઠડી.

બાલાપણુમાં ખેલ ખેલઇઓ,
જવાનીમાં કીધી જકડીરે— તમે ખોલો.
બુઢાપણુમાં ડોલવા લાગો,
હાથ માંહે રહે ગઇ લકડીરે— તમે ખોલો.
મીરાંબાઇ કહે પ્રભુ ગિરધર નાગર,
અંતે મસાણુમાં ઠઠડીરે.— તમે ખોલો.

(ભ. ઇ. ઇ.)

કબીર પોતાના ચેલાને કહે છે. (૧૩)

સોચ સમજ તું નાદાન પીયારે;
આશક હોના ફીર સોના કયારે; સોચ સમજ.
જીસરે નેનનમેં નીંદ્રા ઘણેરી,
તકીયા ઔર બીછાના કયા હુએ. સોચ સમજ.
જીસરે નગરીમેં દયા ધરમ નહિં,
ઉસ નગરીમેં રહેના કયા હુએ. સોચ સમજ.
આકે પડી જબ પ્રેમકી ફાંસી;
સીસ દીયા ફીર રોના કયા હુએ. સોચ સમજ.
કહેત કબીરા સુન ભાઇ સાધુ,
સાધુ કે પીછે રોના કયા હુએ. સોચ સમજ.

(મોંધીબાઈ.)

રામ રાખે તેને કોણ ચાખે. (૧૪)

રામ જેને રાખે રે, તેને કોઈ મારી ન શકે;
અવર દુજો ન આવેરે મારા પ્રભુની પાંખેજી. ટેક.
નિર્ધનીઆને વહાલો ધનજ આલે રે,
રાજાને કરે છે રાંક.
જળને ઠેકાણે થળ ચડાવે, થળને ઠેકાણે જળ હોય.
તરણામાંથી મેરૂરે, મેરૂમાંથી તરણું કરે. રામ જેને.
નિભાડામાંથી જ્યારે બળતા ઉગાર્યાં મંજારી કેરાં બાળ;
ટિટોડીનાં વહાલે ઇંડાં ઉગાર્યા, રામ થયો રખવાળ.
ધણી મારા આવજોરે, અંતકાળને સમે. રામ જેને.
બાણ સાંધીને જ્યારે પારધી ઉભો ઉપર આંવ્યો બાજ,
પારધીને જ્યારે વિષીઅરે દંસીયો, હાથે વછુટા એનાં બાણ;
બાજ પડયો હેઠોરે, પક્ષી બેઠા રામ જપે. રામ જેને.
ગજ ને કાતર લઈને વહાલોજી બેઠા દરજી થઇ દયાળ,
વધે ઘટે તેને રાખે બરોબર સહુની કરે સંભાળ;
દાસ ધીરો કહે છે રે હરી મારો ચાલે હકે. રામ જેને.

(બૃહત્ કાવ્યદોહન.)

રામ રતન વિષે (૧૫)

રામ રતન ધન પાયો મૈયારે મેંતો રામરતન ધન પાયો.
સત સંગત સતગુરૂ પ્રતાપે, ભાગ્ય બડા બની આયો. મૈયારે
ખરચીઓ ન ખુટે વાકો ચોર ન લુંટે, ધરણી ધર્યો ન સમાયો. મૈયાર.
નીર ન બોળે વાકો અગ્નિ ન બાળે, દીન દીન હોત સવાયો. મૈયારે.

નામકી નાવ ભજનકી બતીયાં, ભવસાગર તરાચો. મૈયારે.
મીરાંબાઈ કહે પ્રભુ ગિરધર નાગર ચરણુ કમળ ચિત લાચો. મૈયારે.
(ભ. ઈ. ઈ.)

મરી જવા વિષે. (૧૬)

મરી જાવું છે માયા મેલીરે, હો મરી જાવું છે માયા મેલી.
કોઇ બનાવે બાગ બગીચા, કોઈ બનાવે હવેલીરે, મરી જાવું.
કોડી, કોડી ધન ભેગું કીધું, પાંચ પચીશની થેલીરે, મરી જાવું.
દાન પુન જો નવ કર્યું તો, અંતે દેશે નરકમાં ઠેલીરે. મરીજાવું.
આરે કાયા તારી કેશર વરણી, માંહે વાવીછેવિષવેલીરે. મરીજાવું.
બાઇમીરાં કહે પ્રભુ ગિરધર નાગર, પાર બંધાવોપુરપહેલીરે. મરી.
(મિરાંબાઇ.)

જેસલ જાડેજાને તોરલનો ઉપદેશ. (૧૮)

જેસલ કરીલે વિચાર, માથે જમ કેરો માર,
સ્વપના રૂપીરે સંસાર, તોરલ રાણી કરેરે પુકાર;
આવોની જેસલરાય, પ્રેમ થકી આપણુ મળીએ,
પુરા સંત હોય ત્યાં જઇ ભળીએ. એ. એ. એ. જી. ટેક.
આવ્યો તારો અનુભવી અવતાર માથે સતગુરૂ ધાર,
જાવું મારે ધણીને દરબાર, બેડલી ઉતારો ભવપાર ! આવોની.
ગુરૂના ગુણનો નહિ પાર, ભક્તિ છે ખાંડાની ધાર,
નુગરા કયા જાણે સંસાર, ગુરૂના જપો અમર જાપ! આવોની.
સીપ તો સમુદ્રમાં થાય, મોતીડા સુવાટે વરતાય,

એની સફળ કમાઇ, મોંઘે મૂલે વેચાય! આવોની.
ઇ–મોતી એરણુમાં ઓરવાય, માથે ઘણુ કેરા ઘાય,
પુટયા ફુટકીયા કહેવાય, સાચાની ખરે ખબરો થાય! આવોની.
નદીએ નીત્ય નાવા જાય, કોયલા ઉજળા ન થાય,
ગુણીકાનો બેટો બાપ કેને કહેવાને જાય,
એવા માવઠાના મેહેમાંથી કણુ નવ થાય! આવોની.
દેખા દેખી કરવાને જાય, તે નર અધુરા કહેવાયં,
હાથમાં દીપક લઇ કુવે પડવાને જાય! આવોની.
ચાંદો સુરજ આકાશ, નવલખ તારા તેની પાસ,
પવન પાણીનો પ્રકાશ, સહુ કોય કરે એની આસ! આવોની.
જેસલ વિચારી લે મન, આવા ભાવના ભજન,
તોરણુ રાણી કરે અરદાસ, સંતોનો અમરાપુરીમાં વાસ, આવોની.

(ભજન ચિંતામણી.)

જેસલની બેડલીને તોરલ બુડતાં બચાવે છે. (૧૮)

પાપ તારૂં પ્રકાશ જાડેજા ધરમ તારો સંભાળરે,
તારી બેડલીને બુડવા નહિં દઉં જાડેજારે;
એમ જેસલ કહે છે જી!
જતા મથેજા વાળ તોરલ રાણી જતા મથેજા વાળરે;
એટલા ગુનાહા મેં કર્યા તોરલદેરે,
એમ જેસલ કહે છે જી!

લુંટી કુંવારી જાન તોરી રાણી લુંટી કુંવારી જાનરે,
સાત વીશું મોડબંધા મારીયા તોરલદેરે.
એમ જેસલ કહે છે જી !
હરણ હણ્યા લખ ચાર તોરી રાણી હરણ હણ્યા લખ ચારરે,
ડુંગરોમાં મેં દવ મેલ્યા તોરલદેરે;
એમ જેસલ કહે છે જી !
પુન્યે પાપ ઠેલાય ભક્તિ કર પુન્યે પાપ ઠેલાયરે;
બની બાળક ભજ બહુ નામીને જાડેજારે;
એમ તોરલ કહે છે જી !
શાંત થયું તોફાન વીરા જો શાંત થયું તોફાનરે,
આવો કાંઠે ઉતરો જાડેજારે;
એમ તોરલ કહેછે જી !
(જેસલ તોરલ.)

તોરલ જેસલને લુગડાં ધોવરાવવા મોકલે છે. (૧૯)
જારે જાડેજા લુગડાં ધોવા લુગડાં ધોઇ વ્હેલો આવજે
હો.... ....વીરા
નુગરામાંથી સુગરો થાતા ધીરજ મનમાં ધારજે
હો.... ....વીરા.
જોજે વિના જળ વિના પત્થર વીર ડાઘ બધા દુર કાઢજે
તોરલ તારી વાણી ન્યારી સમજુ ન તેનો સાર જે
હો.... ....વ્હેની.

બેડલી સાથે મુને બચાવ્યો, તેમ ભવસાગરથી તારજે
હો ....બ્હેની.

(જેસલ તોરલ.

ગઝલે આબરૂ. (૨૦)

તુમારો દીલ અગર હમસે ફીરા હય,
તો બહેતર હુએ હમારાભી ખુદા હય.
હમારી કુછ નહિ તકસીર લેકીન,
મીલો જીસ્સે તુમારા દીલ મીલા હુએ.
હુવે હો કીસલીએ બેઝાર હમસે,
સભી તુમકો કહેંગે બેવફા હુએ.
વોહ અહમક હય કહા જીસ્ને તુમસે,
કહો હમને તુમારા કયા કીયા હુએ.
અબસે બેદીલ કરો મત આબરૂકો,
મુસાફીર હુએ શીરસ્તા હુએ ગદાહય.

(દીલગીર સાગર.)

પ્રારબ્ધ વિષે. (૨૧)

ઓધવજી પ્રારબ્ધકી ગત ન્યારી.
વહાંકી બાત હૃદયમાં વિચારિ–ઓધવજી.
સુંદર નીર ભર્યો સરોવરકે, સમુદ્ર કર દિનો ખારી;
બગલે કો રૂપ અનુપમ દીનો, કોયલ કર દીની કારી–ઓધવજી.

શુમકો અન ધન બહોત દીયે હુએ, દાતાકો ન મીલે જુવારી;
મુર્ખ રાજા રાજ કરત હુએ, પંડીત ભયો ભીખારી—ઓધવજી.
વેષ્યાકુ પહેરણુ પાટ પીતાંબર, પતિવૃતાકો નહિ સાડી,
સુંદર નાર વાંજણુ કર ડારી, ભૂંડણુ જણુ જણુ હારી—ઓધવજી.
સુંદર લોચન મૃગકો દીનો હુએ, સો બન બન ફીરત ઉદાસી,
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધર નાગર, ચરણુ કમળ બલિહારી—
ઓધવજી.

(ગંજે મહોબત.)

અમર ઈલાહી વિષે સિંધિ કાફી. (૨૨)

બોલી હુઈતા નિમાણી, મુંજે પખી અડેસે પ્રીત બંધાણી-[દોઢ]
આહીઓ અમર ઈલાહી, રૂવંધે રાત વીઆણી—મુજે પખી,
આંઉ સુતી અસને ઓએ હલીયા, રે આણુ હુઈતા દીયાણી–મુંજે.
ઉદામી વીઆ ઓએ વતનતે, વાટું નીઆરીયાં દીયાણી—મુંજે.
બોલે રતન બાઇ વેનતી, પીરજે પગલે ઓળખાણી— મુંજે.
બોલી હુઈતા નિમાણી, મુંજે પખીડે અડેસે પ્રીત બંધાણી—

(દીલગીર સાગર.)

અહંકાર વિષે. (૨૩)

અરે શું માનવનો અભિમાન પલકમાં ટળી જશેરે જી.
ખરે જેમ પિપળ ઉપર પાન પલકમાં ખરી જશે રે જી;
પલકમાં ખરી જશે રે જી માટીમાં મળી જશે એજી. અરે શું.

ઘડી જીવતરમાં ઘડી એક સુખની, આ........નથી....
મૂઢ મમતમાં તોય મરતા આ આ...........મથી........
પાંમર નર નાદાન. [૨] અરે શું માનવનો—
કાયા કલેવર ફારમી છે ગંદકીનો ગાડવો,
સમજુ જને સમજી જઇ અભિમાનને વણુસાડવો.
અભિમાન ફણિધરને નહિ દુધ પાઇને પેંધાડવો,
રાવણુ સરીખે માનથી લીધો નથી કાઇ લાડવો. અરે શું.
(વીણાવેલી.)

સ્વપના રૂપી સંસાર વિષે. (૨૪)

(પદ–ધીરાનો ઉલટ વાણી)

એવો સ્વપ્નારૂપી સંસાર રે, ગુરૂજી મારા વીખડાને વારો;
એવો બગાડ કાઢી નાખો રે, સોનીડો જેમ સોનું ઘડેજી. ટેક.
હાથીએ જન્મી બકરી, ને બકરીએ જનમીઓ ઉંટ,
ઉંટની સાંકળ આકાશે પહોંચી, પહોંચી ચારે ખુંટ;
એવા ઉંટને બાંધો હુઠે રે, છુટે ઊંટ ઊંધું વાળે. એવો સ્વપ્ના.
ઈ બકરીને કોઇ નાથી ન શકે, ચરે મેવા ને માલ,
દન ઉગે દન આથમે, તેની કોઇ ન કરે સંભાળ;
લીલા વેલા ચાખેરે, જઈ વળગે કાંટાની વાડે. એવો સ્વપ્ના.
ઉંટ બકરીનો વીસ્તાર વાધ્યો, બચ્ચાં થયાં વીસ ને સાત;
જ્ઞાની નરતો તરી ગયા ને, મુરખે જોડયા હાથ.
એવા બકરે ખેતર ભરીયારે, રખાળી વીના કોણુ વારે. એવો સ્વપ્ના.

ઉંટ બકરી બે સધામ પહોંચીયાં, ઉંટથી બડી થઈ બકરી;
રાજારામનુ જોર ચાલે નહિ, બકરી ગઇ છે વકરી.
એવા ભણેલા નર ભુલ્યારે, બળી મૂવા બકરી લાળે. એવો સ્વપ્ના.
ઇ બકરીના ચાર નારને, નહિ હાથ નહિ પગ;
નહિ ધડ નહિ મસ્તક એને, કળી ન શકે કોઇ જગ.
ધીરો ભણે સાચું રે, એમાં કાંઈ નહિ કાચું. એવો સ્વપ્ના.

(ભ. ઇ. ઇ.)

પીલુ ગઝલ. (૨૫)

યે બહારે બાગે દુન્યા ચંદરોજ,
દેખીયે ઉસકા તમાશા ચંદરોજ;
અય મુસાફીર કૂચકા સામાન કર,
ઇસરહામે હો બસેરા ચંદરોજ.
દેખકે દુન્યાકો તુ મગરૂર ન હો,
યે જો દોલત ઔર મહોબ્બત ચંદરોજ;
દફન કર કબ્રમે બોલી કઝા,
અબ તુમ યહાંપે સોતે રહેના ચંદરોજ.
પુછા લુકમાં સે જીયેંગા કીતને રોજ,
દસ્તે હઝરત મલકે બોલા ચંદરોજ;
યહે બહારે બાગે દુન્યા ચંદરોજ.
દેખીયે ઉસકા તમાશા ચંદરોજ.

(દીલગીર સાગર.)

પ્રિત પ્રભુ સાથે જોડવા વિષે. (૨૬)

જો તમ તોડો પીયા મહેં નહી તોડું.
તોરી પ્રિત તોડી કાના કોન સંગ જોડું. જો તુમ તોડો.
તુમ ભયે તરૂવર, મેં ભઈ પંખીયા;
તુમ ભયે સરોવર, મેં તેરી મછીયાં, જો તુમ તોડો.
તુમ ભયે ગિરીવર, મહેં ભઇ ચારા.
તુમ ભયે ચંદા, તો મહેં ભઇ ચકોરા. જો તુમ તોડો.
તુમ ભયે મોતી તો, મહેં ભઈ ધાગા,
તુમ ભયે સોના તો મહેભઇ સ્વાંગા. જો તુમ તોડો.
મીરાંબાઈ કહે પ્રભુ વ્રજકે વાસી;
તુમ મેરે ઠાકોર, મહેતેરી દાસી. જો તુમ તોડો.
(મીરાંબાઇ.)

મીરાંબાઇની પ્રાર્થના. (૨૭)

તું તારા બીરદ સામું જોઇલે શામળીયા.
ના, જોઈશ કરણી અમારી રે વાહાલા. તું તારા.
ગજને કારણે વાલા પેદલ ધાયા આ....આ....આ....આ....
દ્રૌપદીનાં ચીર પુરાવ્યાં....રે....વહાલા. તું તારા.
ટીટોળીના વાહલે બાળ ઉગાર્યાં, આ....આ...આ....આ....
પાળજે પત જગરાયા....રે....વાહાલા. તું તારા.
(મીરાંબાઈ.)

પદ. (૨૮)

નાથ કેસો ગજકો બંધ છુડાયો, એહી અચરજ મોહે આયો.
ગજ ઔર ગ્રાહ લડત જલ ભીતર, લડત લડત ગજ હાર્યો;
જળપર સુંઢ રહી જબ ઉપર, તબ હરિ નામ પુકાર્યો—નાથ.
શવરીકે બોર સુદામાકે તાંદુલ, રૂચી રૂચી ભોગ લગાયો;
દુરજોધનકો મેવોહી ત્યાગી, ભાજી વિદુર ઘેર પાયો—નાથ.
પેઠ પાતાલ કાળીનાગ નાથ્યો, ફેણુપર નૃત્ય કરાયો;
ગીરિ ગોવરધન કરપર ધાર્યો, નદ ઘેર લાલ કહેવાયો—નાથ.
આગાસુર માર્યો બગાસુર માર્યો, દાવાનલ પાન કરાયો;
સ્થંભ ફાડી હીરણાકંસ માર્યો, નરસિંહ નામ ધરાયો—નાથ.
અજામેલ ગજ ગુણકા તારી, દ્રુપદીકો ચીર પુરાયો;
પયપાન કરતાં પુતના મારી, કુબજાકો રૂપ બનાયો—નાથ.
કૈરવ પાંડવકો જુદ્ધ રચાયો, કૈરવ માર દીલાયો,
દુરજોધનકો માન ઘટાયો, મોંપે ભરૂંસો આયો—નાથ.
સબ સખાયન મીલી કંગન બાંધ્યો, રેશમ ગાંઠ બધાયો,
છુટે નહિ રાધાજીકો કંગન, કયસે ધનુષ્ય ઊઠાયો—નાથ.
જોગી જાકો ધ્યાન ધરત હય, ધ્યાન ધરત નહિ આયો,
સુરદાસ પ્રભુ તીહારે મીલનકું, જસોદાકી ધેન ચરાયો—નાથ.

જાગવા વાષે. (૨૯)

જાગી જોની તું જીવડલા અલ્યા જાગાં જો જરી
સુતો શું અભાગી સુખના સ્વપ્નામાં ઠરી, સુખના (૩) જાગી.
સ્વાર્થનુ સગપણુ સંસારે, તેમાં મૂઢ તું શું લપટાયે,

કહું શું મુરખડા હજી માયા ન મરી, મનની માયા ન મરી. (૨)
ચાહાના ચીતની ના ચળી, તૃષ્ણા તનની ના ટળી. જાગી.
ફરે મરણનો માથેરે ફેરો, સુકૃત કરી લે, ભવજલ તરી લે,
માનવ દેહે મોંઘો ઘેલા મળશે ના ફરી, ગાંડા મળશે ના ફરી,
ગુમાની મળશે ના ફરી, વહેતો જાય છે વહી,
ચેતે ચીતમાં કાં નહિ, જાગી જોની તું જીવડલા.

(નંદબત્રીશી.)

માયાવિષે. (૩૦)

માન માયાના કરનારારે, જરી જોની તપાસી તારી કાયા.
પુછી જોની તું પંડીત પુરાનારે, કોઇના અમર લેખ લખાણા,
કાચી છે કાયા માટીની માયા, માટીના ખેલ બનાયા,
શાણા તો સમજી અલગ થયા, એતો બાલક બીચારાં લપટાયારે.
લાખોની પાંખો ગઇ છે પીખાઇ, જેણે મુછ પર લીંબુ ઠ યા,
કાળના કોવાડાથી કોણ બચ્યું છે, ભલે રંક હોય મહારાયારે.
સધ્યાના જેવા રંગ સોનેરી, વંધ્યાને લાડ લડાયા,
જોબન ને તન ધન તેવા સમજવા, પાણીમાંના પડછાયારે. જરી.

(ઉદયભાણ.)

—૦—

આશક લોકના ઝુરાપા વિષે, સિંધી કાફી. (૩૧

કીંય સુમનસુખરાતડી, જીની ધોસ્તનજો દીદાર કીયો.—સેકીંય.
કડે દીઠોસી કોનકો આશક અસલ આરામમે,
આશકનજી ઉમર ગુજરી, સો નેહ જે વૈરાગમેં—સેકીય.

પીયા વિના પરદેશમેં, આંઉ કીય સગાં રાતીડેં રહી,
હીયું ટીકે હીત કીનકી, સાભત ગદીયો સાંઇ અસે સહી–સેકીંય
ફરે કલાલન કેફજી સાપુર કરે પીનો વઠી,
પ્રીટલહીન ફરાકજા, સે બધન બહીકાન પટી— સેકીંય.
આશક ઈલિમજા કોદીયા, ઓએ સંધે ગરીભીયમેં ગદીયા,
સેં તહકીક હકસે હકથીયા, વીઝી રમજ રાવલમેં રના.-સેકીંય.
ચંચલ વજાઇંઅહી ચંગકે, આલમમેં અવાજ થીયો,
પુલ રસીયો પુરકાનજો, સો પુલ સંધો સકસાધજો— સેકીંય.
કહે ગુલામઅલી કોદીયો, સુણ હકીકત હીન હાલજી,
સભરજી સમશેરસે કપીઓ, વીઝી જડ કાલજી— સેકીંય.
(દીલગીર સાગર)

અલીજીકર વિષે કાફી. (૩૨)

અલી જીકર કરલે મુરખ મનડા પીછે તું પછતાએગા,
ઇસ દુનીઆમે ચેત સવેરા, ફીર જનમ ન પવેંગા.
ધેવે ધીલાવે નામ મૌલાકે, ધેવેધા સો પાવેગા,
ગયા વખત પ્રીર નહિ મીલનેકા ઠાલા હાથ લેજાવેંગા. અલી
દુનીયા દોલત માલ ખજીનાં, સંગ ન તેરે આવેંગા,
મહેલ મેડીયાં બાગ બગીચા સબ છોડકર જાવેંગા— અલી
હાથી ઘોડા ફોજ લશકર, ચોકી કુલ બીઠાવેંગા,
તીસમેંસેભી તનસે મગડા જમડા જીવ લે જાવેંગા— અલી

રોજ મહેશરમે મીરકી ન બોલે આપ મહમદ આવેંગા,
નબી મહમદ મુસ્તફા કુલ આલમકો બખશાવેંગી—અલી.
(દીલગીર સાગર.)

પ્રિતના વાયદા વિશે. (૩)

તુને પ્રિતકા વાયદા કરકે પીયા મુજસે પ્રિત લાગાના છોડ દિયા,
વોહ મહેરકી અખીયાં ફેરલીની હરદમકા આના છોડ દીયા.
જરા દરસ દિખાકે બોલ સજ્જન, તોરે બોલપે વારૂં સબ તન મન,
તેરે ઈશ્કમેં ખોયા સારા જોબન મયને અપના બેગાના છોડ દીયા.
ઈસ ચાહસે પહેલે નેહ લગા, ઔર મનકો મોરે ફેર લીયા,
અબ બસે કીસ દેશમે જાઇ પીયા ઈસ દેશકા આના છોડ દીયા.
જાઇએરે સખી અબ દેશમૈં ચલ જયા અપને પીયાકા બાસા હુએ,
પિયા બીના કછુ ભાવત નહિ મને દીલકા લગાના છોડ દીયા.
(ગુલજારે વકબલી.)

હરી ભક્તિ વિના શ્વાસ ફોગટ જવા વિષે. (૩૪)

વાસ નહિ જહાં વૈષ્ણવ કેરો તહાં નવ વસીયે વાસડીયાં;
શ્વાસેશ્વાસ હરિ સમરણ ન કરે તો શ્વાસ ધમણકી વાંસડીયા-વાસ.
જીભલડી જપમાળા ન જપે તો જીભલડી નહિ ખાસડીયાં,
જન્મ નહિ તેનો લેખામાં જે ન કહેવાય હરીના દાસડીયાં.—વાસ.
મોનહજી માયા પાખે અવર માયા જમ ફાંસડીયાં,
ભણે નરસીઓ ભારે મારી માવલડી દસ માસડીયાં. —વાસ.
(કાવ્યદોહન.)

ઘડપણ વિષે. (૩૫)

ઘડપણ કેણે મોકલ્યું, જાણ્યું જોબન રહેશે સૌ કાળ. ઘડપણ.
ઉમર તો ડુંગર થયારે, પાદર થયા પરદેશ,
ગોરી તો ગંગા થઇરે, અંગે ઉજળા થયાછે કેશ. ઘડપણ.
નહોતું જોતું શીદ આવ્યુંરે, નોતી જોઇ તારી વાટ,
ઘરમાંથી હળવા થયારે, એની ખુણે ઢળાવોને ખાટ. ઘડપણ.
નાનપણે ભાવે લાડવારે ઘડપણે ભાવે શેવ,
રોજને રોજ જોઇએ રાબડીરે, એવી બળીરે ઘડપણની ટેવ. ઘડપણ
પ્રાતકાળે પ્રાણ મારારે, અન વિના અકળાય,
ઘરનાં કહે મરતો નથીરે, તને બેસી રહેતાં શું થાય. ઘડપણ.
દીકરાતો જુજવા થયારે, વહુવો દે છે ગાળ,
દીકરીઓને જમાઈ લઈ ગયોરે, હવે ઘડપણના શા હવાલ. ઘડપણ.
નવ નાડો જુદી પડીને, આવી પહોંચ્યો કાળ,
ઍરાં છોકરા ફટ ફટ કરેરે, નાના બાળક દીએ છે ગાળ. ઘડપણ
અંતકાળે વળી આવ્યારે, દીકરા પધાર્યા દ્વાર,
પાંસળીયે વાંસળીરે, પછી છોડીને આપી બાર. ઘડપણ.
એવું સાંભળી પ્રભુ ભજોરે, સાંભળજો જગ વાસ,
પર ઉપકાર કીધે પામશોરે, ગુણગાય નરસીયોદાસ. ઘડપણ.
(કાવ્ય દોહન.)

જીભને શીખાણ. (૩૬)

જીભલડી તુને હરી ગુણ ગાતાં, આળસ આવડું કયાંથી રે;
લવરી કરતાં નવરાઇ ન મળે, બોલી ઉઠે મુખમાંથીરે. જીભ.

પર નીંદા કરવાને પુરી, શુરી ખટરસ ખાવાને;
ઝગડો કરવા ઝુંઝેરે વહેલી, કાયર હરીગુણ ગાવાને, જીભ.
અંતકાળે કોઇ કામ ન આવે, વહાલા વેરીની ટોળીરે;
સ્વજન ધારીને સર્વસ્વ લેશે, રહેશો આંખો ચોળીરે. જીભ.
તલ મંગાવો તુલસી મંગાવો, રામનામ સંભાળાવો રે;
પ્રથમતો મસ્તક નમતું રે નહોતું, પછી શું નામ સુણાવોરે. જીભ.
ઘર લાગ્યું પછી કુવો ખોદાવે, અગ્નિ એ કેમ ઓલવાય રે,
ચોરો તો ધન હરી ગયા પછી, દીપકથી શું થાય રે. જીભ.
માયા ઘેનમાં ઉંઘી રહે છે, જાગુતે જો તું તપાશીરે;
અતસમે રોવાને બેઠી, પડી કાળની ફાંશીરે. જીભ.
હરીગુણ ગાતાં દામ ન બેસે, એકે વાળ ન ખરશે રે.
સહેજે પંથનો પાર ન આવે, ભજન થકી ભવ તરશેરે. જીભ.

ઇશ્ક જામ પીવા વિષે. (૩૭)

મુજ અબતો સાકીને બાદા પીલાયા,
હુએ શુક્રે ખુદા મસ્ત મુજકો બનાયા,—મુજે.
લીયાદીનો ઇમાન બાતોહી બાતોં.
અજબ નાચ સાકીને મુજકો નચાયા.—મુજે.
જોરાઝે મહેં વઝામો શીશેકા મહેને,
સુનાથા સો આંખોસે મુજકો દીખાયા—મુજે.
ભટકતા મહેં ફીરતાથા જીસ્કે સબબસે.

મુગાંને પકડ હાથ ઉસ્સે મીલાયા.—મુજે.
કહાં હઅે સુરાહી એહ કહેતાથા મહેંસો,
મેરે પાસ શીશા થા મુજકો બતાયા.— મુજે.
મહેં " સાદીક હું" શાહા ખઅેર મસ્તીને મુજકો,
હસાયા રૂલાયા મીલાયા.— મુજ.
(રત્નસાગર.)

નરસિંહ મહેતાની હુંડી.(૩૮)

નરસિંહરે મહેતા ભક્ત હરીના જુનાગઢના : રહેવાશી.
હુંડી કરાવા આવ્યા ગામમાં ચાર જણા તીરથ વાશી,
આવી ગામમાં પૂછવારે લાગ્યા મોટા મોટા શાહુકારોને,
સાતસેં એક રૂપીઆની હુંડી દુવારકાની આપો અમને,
સર્વે લોક મનસુબો કરીને મોકલ્યા નરસિંહ મહેતાકને,
એરે તમારી હુંડી શીકારસે લાગ્યા મશ્કરી કરવાને.

ઝુલ.

મહેતાને ઘેર આવ્યા ચાલી, ઘરમાં બેસાડયા આસન અલી;
મહેતા વાત પુછિછે પહેલી, કયાંથી આવ્યા કયાં જાસો સહેલી.
અમેરે નીકળ્યા તીર્થ કરવા દ્વારકા ને જઇશું કાશી,
હુંડી કરાવવા આવ્યા ગામમાં ચાર જણા તીરથવાશી.
હવે વાત કહે પરદેશી મહેતાજી વાત મારી સાંભળો,
ઘેર તમારે રૂપીઆ ભરીયે અમને હુંડી કરી આલો.
સાતસે એક રૂપીઆ સુરતી શીક્કાના થેલી લઇ ઘરમાં મેલો
કાગળનો કટકો લખીઆલો નામ તમારૂં ભરીઆલો.

મેહતારે બેઠા પત્ર લખે છે, માંહી શામળશાનુ નામ ભરેછે,
સુરજની તો શાખ કરે છે, સાહેબ સાથે ધ્યાન ધરે છે.
પત્ર લખીને આપ્યુ હાથમાં, ત્યાંથી ચાલ્યા પરદેશી,
હુંડી કરાવવાને આવ્યા ગામમાં ચાર જણા તીરથવાશી.
પરદેશીને પંથ વળાવી મહેતા વાત પુછે સઉને,
આ ધનને આપણુ શું કરીએ ખવડાવી દો સાધુને.
ઘી ગોળ ને ઘઉં મગાવ્યા લાગ્યા રસોઇ કરવાને,
ભાવતાંરે ભોજન સહુને કરાવ્યા થાળ ધરાવ્યા ઠાકોરને.

ઝુલ.

સો એક સાધુ થયા એકઠા, ફેંકી દીધાં સહુનાં એંઠા,
મહેતા હતા તેવા થઇ બેઠા, નાહી ધોઇ મંદીરમાં પેઠા.
હાથ જોડી અરજ કરૂં છું મારી લજા રાખજો અવિનાશી,
મારી લજા નહિ રાખો તો દુવારકામાં તારી થશે હાંસી,
હવે વાત કહું પરદેશીની ત્યાંથી ચાલ્યા દુવારકા માંહે,
મોટા મોટા શાહુકારોને પુછે શામળશાની પેઢી કઇ.
આરે ગામમાં નથી શામળશા ઘેલા થયા કે અક્કલ ગઇ.
તેમ તેમ પડે ફાળ પેટમાં રૂપીયા મળશે કે નહી.

ઝુલ.

ખોળારે ખોળી થઇ નગરમાં, નથી આવતુ કોઈ નજરમાં;
ઠગ મળ્યો એક જુનાગઢમાં, ખોટી ચીઠ્ઠી લખી આપી હાથમાં.
કપાળે હાથ દઈ કહેવા રે લાગ્યા મનમાં થઈ ગયા ઉદાસી,
હુંડી કરાવવાને આવ્યા ગામમાં ચાર જણા તીરથવાશી.

નરસિંહ મહેતાનુ વચન પાળવા શામળશા   રૂપીયા લાવ્યા.
સામારે સામી થયા એકઠા પરદેશી કયાંથી આવ્યા,
અમેરે નીકળ્યા તીરથ કરવા જુનાગઢ રૂપીઆ ભરી આવ્યા.
આ કાગળનો કડકો લખી આલ્યો, નામ શામળશા બતલાવ્યા.

ઝુલ.

અમો વાણોતર નરસિંહ મહેતાના, લીઆને રૂપીઆ સુરતી શીક્કાના,
કોરા કડકડતા નથી જુના, તમારા રૂપીયા ખરી મહેનતના.
સાતસેં એક રૂપીયા ગણી આલ્યા ચારે જણા ત્યાં થયા ખુશી,
હુંડી કરાવવાને આવ્યા ગામમા ચાર જણા તીરથવાશી.
શામળશા જેગોપાલ કરે છે રૂપીયા તમારા જાળવજો,
ભરીપુરીને પામ્યા રૂપીઆ મેહેતાજીને જઇ કહેજો.
રખેને દીલમાં કંઇ હડબડતાં કામ કાજ કહેવડાવજો.
મહારાજગીરિ સતગુરૂ એમ બોલ્યા સાચા ગુરૂનો સગ કરજો.
(રત્ન સાગર.)

નિદ્રા વિષે. (૩૯)

વેરણ નિદ્રા તુ કહાંસે આઇ, સોહે સોહે સારી રેહેન ગમાઈ–વેરણ.
નીદ્રા કહે મહેં બાલીરે ભોલી, બડે બડે મુનીજન નાખુરે ઢોલી–વેરણ.
નિદ્રા કહે મહેંતો અબલારે બલિયા,
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર છલીયા–વેરણ.
નીદ્રા કહે મહેંતો જમકી દાશી,
એક હાથે મધુગડ ધુજે હાથે ફાંસી—વેરણ.

કહેત કબીરા મહેં અબ ન સોઉં,
રામ રતન મ્હેં ઘટમાં જોઉં.—વેરણુ.

(રત્ન સાગર.)

દેહરૂપી ચોલા દરજી વિષે. (૪૦)

ઈસ દરજીકા મરમ નપાયા, જીને યે ચોલા અજબ બનાયા. ઇસ.
પાનીકી સુઇ પવનકા ધાગા, સીતે સીતે નવમાસ લગાયા—ઇસ.
પાંચ તત્વકી ગોદડી બનાઈ, ચંદા સુરજ ઘોઈ થીગડી લગાઈ—ઈસ.
જતન કરીને મુગટ બનાયા, હીરાલાલ દો રતન જડાયા—ઈસ.
આપહી સીવે ને આપ બનાવે, પ્રાણ પુરૂષકો આપ ખીલાવે-ઇસ.
કહેત કબીરા સુનો મન મેર, ખીર નીરકા કરો નીવેડા— ઈસ.
(રત્ન સાગર.)

ચરખા વિષે. (૪૧)

સુણુ એ રેંટવાલી તેરો ચરખો બોલે રામનામ,
રબતુંહી રબતુહી રબતુંહી હોજી—ટેક.
ચરખો મેરો રંગ રંગીલો પુણીયોલાલ ગુલાબ.
કાતન વાલી છેલ છબીલી ગીયાન ધ્યાન લહેર લાએરે
સુણુ અરજમેરી—તેં। ચરખો.
રૂ પીંજાવા હુ ગઈ પીંજરે પીંજારાભાઇ,
ચરખો પીંજારાને ચડી ગયો પછી રૂઠગ રામ મનાયરે.
સુણુ અરજમેરી—તેરો ચરખો.

જબ જાગો તબ નીપજે કહું મેં કીનસે બાત,
એક અચબો અહેસોરે દીઠો બેટીએ જાયો બાપરે
સુણુ અરજમેરી—તેરો ચરખો.
બેટી પુછે બાપને કે અણુજાયો વર લાવ,
અણુજાયો વર નહિ મળે તો તારે મારે ઘરવાસરે.
સુણુ અરજમેરી—તેરો ચરખો.
ચરખો મેરા સીર ધણીને ચરખો મેલ્યો નવ જાય
દાસ કબીરે ચરખો લખ્યો આવાગમન મીટજાયરે
સુણુ અરજમેરી—તેરો ચરખો.

મહમદ ખુદા એક વિષે રાગ કવ્વાલી. (૪૨)

હમારે સરવરે આલમકા રૂતબા કોઇ કયા જાને,
ખુદાસે મીલના ચાહોતો મહમદકો ખુદાજાને. હમારે.
મરઝ કબ જાતા હુએ મેરા દવાસે ઇન તબીબોંકી,
હમારે દરદકી દારૂ મહમદ મુસ્તફા જાને. હમારે.
તમન્ના હુએ ના જન્નતકી ન ખ્વાહીશ હું રોગીલમાંકી,
તમન્ના દીલ હમારેકી હબીબે કીબરીયા જાને, હમારે.
ખુદાકો મુસ્તફા જાને મહમદકો ખુદા જાને.
ખુજે ઇસ રમ્જકો વોહી જો સર તનસે જુદા જાને, હમારે.
વો કબ પાતા હુએ ભેદાં કો જો કાજી દુંહીમેં ડુબા હુએ,
ખુદાસ જાત અહમદકો જો કોઇ હે જુદા જાને. હમારે.
(ગુલજારે કવ્વાલી.)

ઇશ્ક વિષે કાફી. (૪૩)

જીને ઇશ્કમેં સર ના દીયા જુગમેં જીયા તો કયા હુવા. જીને.
જોગી જુગત જાને નહિ કપડા રંગા તો કયા હુવા.
અપના ઘટ રંગ્યા નહિ, પરઘટ રંગા તો કયા હુવા. જીને.
કાજી કીતાબાં ખોલકે, મસલા બતાવે ઔરકું;
પડતા અમલ કરતા નહિ કાજી બના તો કયા હુવા. જીને.
દરીયા કિનારે માલમ ખડા, માલમ જાને દરીયા મેરા;
ડુબકી દીયા મોતી ના મીલા, માલમ બના તો કયા હુવા. જીને.
મક્કે મદીને શહેરમેં સીજદા દીયા તો કયા હુવા.
દીલકા કુફ્ર તુટા નહિ, કલમા પડા તો કયા હુવા. જીને.
ચરખા પુકારે રૂંઈ રૂંઇ, આશક પુકારે તુંહી તુંહી;
આદમસે ધમ પુછા નહિ, રસીયા બના તો કયા હુવા. જીને.
કહે શાવલી સુનરે પીયા, પીયુ પીયુ કરતે મેરા જીવગયા;
જીને પ્રેમ રસ ચાખ્યા નહિ, રોઈ રોઇ મુવા તો કયા હુવા. જીને.

(રત્નસાગર.)

રીસામણ વિષે સિંધી કાફી. (૪૪)

રૂસમ રાણુા જાન ભયાર, કામલ ધણી કાક જાહો. રૂસમરાણુા—દોઢ.
પેરીની માંસે પ્રિતડી દાઢા કીયા થે કોલ કરાર,
મુસે મટજમં મંહે ધરા આઉં ધાવણુ લગીઅસ તો ધરાડ.—રૂસમ.
રાત ન આંહે રૂભરૂ, મુંજા હભીબ ન હઇડે જાહાર,
વેહી વીંઝા ઈમ રાતડી, હાણે હીન નીમાણી જીકર નીઆર—રૂસમ.

ચાણુા રૂસણુ ગોરીયો, તું પરચ મુંધ વીછાઈ આવાર;
તો ઘર ગોહીથી ગુજારીયાં, આઉં સોઢાસારીયાં સબજમાર–રૂસમ.
રાતન આવે રૂહમે, મુખે ઘમ મતા વીસરે ઘરાડ;
આતું અંચી મીલ ચહે, ઉમર હાણે રખ તલબજી તું તવાર–રૂસમ.
(રત્નસાગર.)

પ્રેમ પ્યાલા વિશે.—(૪૫)

પ્રેમ પ્યાલો પીધોરે જીઓ સંતો, પ્રેમ પીઆલો પીધો—ટોઢ.
આરે જગતડાછે જોઇને વારોરે, અમર પછેડો કોણે લીધોરે;
જીયો સંતો પ્રેમ પ્યાલો મેં પીધો—પ્રેમ.
મારા શરીરના સરવે સુખડારે, તે અમે ત્યાગી દીધારે;
જીયો સંતો પ્રેમ પ્યાલો મેં પીધો—પ્રેમ.
મારા મનડાને બહુ સમજાવ્યોરે, જોગ જંગલનો મેં લીધોરે;
જીયો સતો પ્રેમ પ્યાલો મેં પીધો—પ્રેમ.
ગુરૂને પ્રતાપે બોલે રતનબાઈ, અમરાપુરીનો કાર્ય સીદ્ધારે;
જીયો સંતો પ્રેમ પ્યાલો મેં પીધો—પ્રેમ.
(રત્નસાગર.)

અંત સમે પંજતનની સહાય વિષે. (૪૬)

યા પંજતન બચાના જબ જાન તનસે નિકલે,
નિકલે તો યા મહમદ મેરે દહનસે નિકલે.
આવેંગા મેરા પ્યારા બાજેંગીધુનકી મુરલી,

જબ વોહો મેરા સાંવરીયાં જોબનકે બનસે નીકલે. યા પંજતન.
મેરે મરીઝે દિલકી ઉમીદ હેતો યે હુએ,
જાનોપે ઉસકે સર હો ઔર જાન તનસે નિકલે. યા પંજતન.
જબ જાના ફજલે ગુલહુએ કહીયો ગુલોંસે જાકર,
હમકો તો હોગએ હુએ બરસો ચમનસે નીકલે. યા પંજતન.
નિકલે જનાઝા મેરા જબ યારકી ગલીસે,
તો કલમે શહાદત સબકે દહનસે નિકલે. યા પંજતન.
કયા લાયાથા સિકંદર દુન્યાસે લે ગયા કયા,
થે દોનો હાથ ખાલી બાહિર કફનસે નિકલે. યા પંજતન.
(ગુલઝારે કવ્વાલા.)

પતિવ્રત પાળવા વિષે ગરબો (૪૭)
પુનમ ચાંદની ખીલી પુરી-એ રાગ.

બહેનો પતિવ્રતા નીજધર્મ તમે સ્વીકારજો રે,
રહેતા પતી શેવામાં હાજર દીન ને રાત,
પામો મુક્તિપદ ને સુખ ઘણું સંસારમાંરે.

સાખી.

સત્ય વચન સહુ બોલજો, નીજપતિની સંગાથ;
સાસુ સસરા સર્વને, સાચી કહેજો વાત.
રાખી નમ્રતા ને માન થકી બોલાવજો રે,
વર્તી સદ્ગુણથી રાખો સહુને પ્રસન્ન,
પામો મુક્તિપદ ને સુખ ઘણું સંસારમાં રે.

સાખી.

નિત્ય નેહ નવ રાખશો, પર પુરૂષની સાથ;
પિતા પુત્ર ગણી તેહને, બોલો સહુ સંગાથ.
ઠઠ્ઠા મશ્કરી કરીને બહુ ન બોલવું રે,
વળી એકાંતે નવ કરવો ગુપ્ત વિચાર,
પામો મુક્તિપદ ને સુખ ઘણું સંસારમાંરે.

સાખી.

દાગીના નવ પેખવા, નીત્ય જોવું પતિ મુખ;
સદ્‌ગુણમાં રહેજો તમે, અક્ષય પામો સુખ.
લઢવું વઢવું ને ગુસ્સામાં કદી નવ બેસવું રે,
રહેવું સંતોષે જે આપ્યું છે જગદીશ,
પામો મુક્તિપદ ને સુખ ઘણું સંસારમાંરે.

સાખી.

પતિ પ્રકૃતિ હોય જો અગ્નિકેરી ઝાળ,
સંતોષે બુજાવશો સામો ન આવે કાળ.
હસવું રમવું ને સુખેથી દીન ગુજારવારે,
તેથી થાશે સહુ કુળનું કલ્યાણ,
પામો મુક્તિપદ ને સુખ ઘણું સસારમાંરે.

સાખી.

ધન સંપત્તિ વાસના, પટકુળ જુદા રંગ;
સર્વ ફોગટ જાણજો, ધરજો સદ્‌ગુણ સંગ.

મળશે પરમેશ્વર આપે મુક્તિપદ સતમાંરે,
કહે લક્ષમણદાસ હેતે ધરી મત.—પામો મુક્તિપદ ને.
(સંગીત ગરબાવળી.)

બાળસ્તુતિ. (૪૮)

પ્રિયતમ પ્રભુ નમીયે આપને,
જપીયે પાવન તમ જાપને. પ્રિયતમ.
જ્ઞાન દીપક હૃદયે પ્રકટાવી,
પૂર્ણ પ્રજાળો પ્રાપને. પ્રિયતમ.
બળસાગર બળ રગ રગ રેડો,
નસ નસ દ્યો નીતિ છાપને. પ્રિયતમ.
આપ વદન રાશી ગ્રહેવા મથતાં,
માંજો અમ મન ખાપને. પ્રિયતમ.
અમ અંતર દમતાં કુવિચારો,
પાત્ર થજો તમ શાપને. પ્રિયતમ.
પોતાના ગણી પાળો અમને,
એજ અરજ માબાપને. પ્રિયતમ.
(નીતિ સૂત્રમાળા) કૈ. વિ. મહેતા.

મીરાંબાઈનું ભજન. (૪૯)

કાનુડો શું જાણે મારી પ્રિત, બાઈ અમે બાળ કુંવારારે. કાનુડો.
જળ જમનાનાં હું તો ભરવાને ગઈતીરે,

કાનુડે ઉડાડયાં આછાં નીર ઉડયાં ફરરરરરરરરરરે....કાનુડો.
વંદ્રારે વનમાં વહાલે રાસ રચીઓ છે,
સોળસેં ગોપીયોનાં તાણ્યાં ચીર ફાટયાં ચરરરરરરરરરે....કાનુડો.
હુંતો વરણુંગી કાના તારા નામનીરે,
કાનુડે તાણીને માર્યા તીર વાગીયાં અરરરરરરરરે....કાનુડો.
મીરાંબાઇ કહે પ્રભુ ગિરધરનાગર વહાલા,
કાનુડે બાળીને કીધા ખાખ ઉડી ખરરરરરરરરરે....કાનુડો શુ.

(ભજન શીરોમણી.)

ગોપીયોની પ્રાર્થના. (૫૦)

બંસી વાલે આજો અમારે દેશ. બંસી (૨)
થોરી સામરી સુરત પ્યારો વેશ, બંસી.
આવન આવન કહે ગયોજી, દે ગયો કોલ અનેક;
ગીનતા ગીનતા ઘસ ગઇ મોરી આંગરીયાંકી રેખ.
સાંવરીયા, રસીલા, સલુણા, પીયાપે, જીયાપે, મહે જાવું નીસાર·
થોરી સાંવરી સુરત પ્યારો વેશ. બંસીવાલે.
હમતો જોગી પ્રેમકે પ્રેમ અમારો દેશ;
સુધ ન પાઇ પીયાકી તબ લીનો આ બેશ. [થોરી]
બંસીવાલે આજો અમારે દેશ. થોરી. (૨)

(સરદારબા.)

કાતર ગજ, અને સોયની ગરબી. (૫૧)

સુણ દરજીડા, કાતર ગજને સોય તણા ગુણ હું કહું,
અચરત ઉપજે, જોઈ જગતની રીત રૂદે સમજી રહું. ટેક.
તે ત્રણ રહે છે ઘેર તારે, પણ જુદા સ્વભાવ સદા ધારે.
તને ટેવ પડી જનમ્યા જ્યારે. સુણ દરજીડા.
કાતર કેવી ભૂંડી ભાળી, તે પેટ વિષે રાખે પાળી,
સાજાં ભાગ્યાં કરવાવાળી. સુણ દરજીડા.
જે સૂત્ર તણાં તંતુ દરશે, સજી સંપ સદા સ્થિર થઇ ઠરશે;
કાતર તેને જુદા જુદા કરશે— સુણ દરજીડા.
હવે ગજના ગુણ કહું છું જે છે, બહૂસલાહ કાતરને દે છે,
પછી પોતે તો અળગો રહે છે— સુણ દરજીડા.
આ જગમાં જેના ગુણ એવા, કહીએ તેને કપટી કેવા,
એ તો લબાડ લેખે ગણી લેવા— સુણ દરજીડા.
એણે જગથી ઉલટું નામ ધર્યું, માટે જગથી ઉલટું કામ કર્યું.
એને લાયક એ ઠીક ઠર્યું.— સુણ દરજીડા.
જગમાં જે જેવા ગુણ ધરશે, તેવું લોક વિષે લાયક ઠરશે.
સજ્જન તો દુર્ગુણથી ડરશે.— સુણ દરજીડા.
એવા જનને ઓળખી લઇએ, તેને દિલની વાત નહિં દઈએ,
દઈએ તો અતી દુખીયાં થઇએ.— સુણ દરજીડા.
એવાને કોઇ આંગળી આપે, તો કપટ કરી તરતજ કાપે;
માટે અર્થ સરે અળગાં થાયે— સુણ દરજીડા.

જે સોય બિચારી સારી છે, તુટયાં સાજાં કરનારી છે;
ગુણવંતી નામે નારી છે.— સુણ દરજીડા.
તેવી છે પણ ગુણ દેવાને, સમજાવે સંપી રહેવાને,
આત્રકારજ દેવો એવાને;— સુણ દરજીડા.
કુળ એકજ કાતર સોયતણું, પણ કામ જુદું કરનારી ગણું,
ગુણ ત્રિનાની એક ગુણાળી ગણું.— સુણ દરજીડા.
તેં પણ અંતરમાં અભિલાખી, શિર ઉપર સોય ધરી રાખી,
ગજ કાતર ને નીચાં નાંખી;— સુણ દરજીડા.
અણુસમજુ જન વિશ્વાસ કરે, સમજુ તો દિલમાં સમજી ડરે;
નિજ અર્થ સરે અળગાંજ ધરે;- - સુણ દરજીડા.
એમ કર્તારે ઉપયોગી કર્યાં, તે થકી નકામાં તે ન ઠર્યાં;
દલપતરામે દિલમાંહી ધર્યાં,— સુણ દરજીડા.

(દલપતકાવ્ય.)

દ્રૌપદીની પ્રાર્થના (પર)

સામળીઆજી કરજો મ્હારી સ્હાયરે,
વ્હાલા ગરૂડે ચડીને વહેલા આવજોરે;
શામ સલુણા સુભદ્રાના વીરરે,
આ દીન બાળાની લાજ દયાળુ રાખજોરે,
છોગાળા છે વાત છેલી, નથી કોઈ મારૂ બેલી,
વહાલા તુજ ગુણની ઘેલી, દાસી દુખમાં ડુબેલી;

દુખીની દાદ ને ફરીઆદ અંતર લાવજોરે;
વહાલા ગરૂડે ચડીને વહેલા આવજો રે.
કૈરવ કર્મચંડાળ દુશાસન નિર્દય અરે.
જોતાં પાંચ ભરથાર પાપી પટકુળ તાણુતો,
વહારે આવોને દયા દીલ લાવોને.
નાથ છું અનાથ નારી, ભરૂસો છે ભુદર ભારી,
જેવી તેવી છું તમારી, વહાલા દેશો ના વિસારી.
હેતે હળધરજીના વીર આવી ઉગારજોરે.
વહાલા ગરૂડે ચડીને વહેલા આવજોરે.
(સતી દ્રૌપદી.)

કાચી કાયા વિષે. (૫૩)

કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ;
તારો તહાં લગી જાણજે જ્યાં લગી શ્વાસોશ્વાસ.
સદા સંસારમાં સુખ દુઃખ સરખા માની લઇયે.
રાખે જેવી રીતે રામ રંગે તેવી રીતે રહીયે.
પીપળ પાન ખરંતા હસતી કુંપળીયાં;
મુજવીતી તુજ વીતશે ધીરી બાપડીઆં.
નહિ જેવીને તેવી નિત્ય કોઈની નભતી જોઇએ;
દશાના ઢંગ રૂતુના રંગ જેવા માની લઇએ. સદા.
કદી મહેલો ને માળીઆં કોમળ છપ્પર ખાટ;
કોઇ દીન એવો આવશે ભુખ્યા ન મળે ભાત. સદા.
(વીણાવેલી.)

સંસાર સુખ તુચ્છ વિષે. (૫૪)

મુખડાની માયા લાગીરે, મોહન તારા મુખડાની માયા લાગીરે.
મુખડું મેં જોયું તારૂં, સર્વ જગ થયું ખારૂં,
મન મારૂ રહ્યું ન્યારૂંરે.........................મોહન તારા.
સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું,
તેને તુચ્છ કરી ફરીયેરે;... ....મોહન તારા.
સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું,
તેને ઘેર શીદ જઇયેરે;.........................મોહન તારા.
પરણું તો પ્રિતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો.
રાંડવાનો ભય ટાળ્યોરે........................મોહન તારા.
મીરાંબાઇ બલીહારી, આશા એક મને તારી,
હવે હુંતો બડ ભાગીરે...... . ...મોહન તારા.
(મીરાંબાઈ.)

મુરલી.—(૫૫)

મુરલી વગાડી વહાલે વ્રજ વશ કીધું, ગોકુળ કીધું ઘેલું રે,
એરે કાનુડો બાઈ કુબજાની સંગતે, મંત્ર શીખ્યો મેલુંરે.
વાલીડા, વાલીડા, વાલીડાની મુરલી.
બાઇ મુને દુઃખ દીએ છે દહાડી દહાડી.—
સવેરા સાદની મધુરા રાગની, વાલીડે શીદને વગાડી રે;
હું તો સુતી હતી મારા મંદિરમાં, જબકીને જગાડીરે-વાલીડા.

સાસુ ને સસરો મારે આંગણીએ સુતા, હળવેથી બારી ઉઘાડીરે;
ઉત્તરથી હું તો દક્ષિણે ચાલી, પહેરંતાં ભુલી સાડીરે— વાલીડા.
ફીટ્યોરે સુતાર તને સમરીને લાવ્યો મુરલી, કોણે મારી કુવાડીરે;
લાખ ટકાની તેને લાંચજ આલું બાઇ, ઉભલડી નાખું બાળીરે
—વાલીડા.
મુરલી કહે છે હું તો વ્રજની નારી, મારૂં તખત બહુ ભારીરે;
શરીર મારૂં બાઈ સાંગડે ચડાવ્યું બાઇ, તનમાં શાર પડાવીરે.
—વાલીડા.
સાંવરીયાને સમજાવીને કહેજો બાઇ, અમારી વતીનું એક વહેણુંરે;
અમ દાશી પરે દયા કરીને પ્રભુ, દર્શન દેજો વહેલુ રે-વાલીડા.
(મોંઘીબાઈ.)

જુના ધર્મ વિષે. (૫૬)

નદી કીનારે કોઈ જન ઉભો, તૃષ્યા નહિં સમાણી હોજી;
કાં તો આળસુ અંગ એહનું, નહિ તો સરિતા સુકાણી.
મારા સંતો જુના ધર્મ લ્યો જાણી હોજી.
કલપ તળે તો કોઈ જન ઉભો, ક્ષુધા ખુબ પીડાણી હોજી;
નહિ કલપ એ બાવળીયો, કે ભાગ્ય રેખ ભેળાણી, મારા સંતો.
સતગુરૂ શેવે શિષ્ય ન સુધર્યો; વિમળ મળી નાહિ વાણીહોજી;
કાંતો ગુરૂજી જ્ઞાન વિનાના, કાં પાપી એ પ્રાણી. મારા સંતો.
ભક્તિ કરતા ભય દુખ આવે, ધીરજ નહિ ધરાણી હોજી;
કાં સમજણ તો રહી છે છેટે, નહિ નામ નીરવાણી. મારા સંતો.
ચિંતામણી મળી પણ તોએ, ચીંતા નવ ટાલાણી હોજી;
નહિ ચિંતામણી નક્કી એ પથરો, વસ્તુ નવ ઓળખાણી. મારા સંતો.

વન મળ્યું પણ મોજ ન માણી, કહું કર્મની કહાણી હોજી;
ક્યાં તો ભાગ્ય બીજાનું ભળ્યું, કાંતો ખોટી કમાણી. મારા સંતો.
અમૃત મળ્યું પણ અમર થયો નહિ, પીવાની યુક્તિ ન જાણીહોજી;
કાંતો ઘટ માંહે ગયું નહિં, પીવામાં આવ્યું પાણી. મારા સંતો.
ધર્મ કર્મ ને ભક્તિ જાણે, ભેદ વિના ધુળધાણી હોજી;
કહે ગણપત સમજી લ્યો સંતો, પુરી પ્રિત પ્રમાણી. મારા સંતો.
(ભજન શિરોમણી.)

જીંદગીનું વૃતાંત, (૫૭)

જવાનીને દહાડેરે હરિને જાણ્યા નહિરેજી, મોહ્યું જેનું પરદારાશું મન
કંઈક તે મોહ્યારે કામનીના કલપમાંરેજી, કંઈક તે જોડવા લાગ્યા ધન.
—જવાની.

પચીસ ને પચાસરે પરપંચમાં ગયાંરેજી,
દોહેલા આવ્યા સાઠ વરસના દન;
સીંતેર સુધીરે કાંઈ સમજીયો નહિરેજી,
પછે સાધન કરવા ચાલ્યો વન. —જવાની.

હાથમાં લાકડી ચરણ ચાલે નહિરેજી,
ત્રુટીને સીતળ થયું છે તન;
માયા તો ન મુકેરે, તુટે નહિ તૃષ્ણારેજી,
ઓળખ્યા નહિ અશરણના શરણ —જવાની.

આંખડીયે ન સુજેરે ગળે બહુ નાશીકારેજી,
બોલે તે તો સંભળાય નહિ કર્ણ;
મુખમાંહે દાંત તો એક દીસે નહિરેજી,
તોય પાપી ઉદર માગે અન. —જવાની.

ભાગ્ય જેનું ભલુ રે આ અવસર ઓળખેરેજી, તે નર હોશે હરિનાજન;
નરસિંહના સ્વામીને સુખ માંહે સમરજોઃ જી, જે હોયે પહેલાભવનુપુન.
(કાવ્યદોહન). —જવાનિને.

રામ સ્મરવા વિષે. (૫૮)

ઉઠ ભાઇ તું બેઠો થાને શું સુતો સોડ તાણીરે,
સમર રામને જી.
રામ નાવ છે ભવાબ્ધિ તરવા, ભજને સારંગ પ્રાણીરે;
વિસર કામનેજી—ઉઠ.
મારા મારા શું કરે, સુત–વિત દારા ગેહ;
ભજન હરિનું ભુલ માં, દુર્લભ પામી દેહ.
મુરખ મનવા મોટપ માની, માયામાંહી મોહ માંરે;
મરણ માથે છે જી.
ઉત્તમ અવસર આજે આવ્યો, ખોટો જાણી ખોમાંરે;
હીરો હાથ છે જી—ઉઠ.
(મીરાંબાઇ.)

હરિરસ પીવા વિષે.—(૫૯)

હેતે હરિરસ પીજીયે, ઉરમાં આણીએ આનંદ;
ત્રિવિધ તાપને ટાળવા, ગુણ ગાજો ગોવિંદ—હેતે હરિરસ.
કઠણ ચોટ છે કાળની, માથે મરણ તણો છે માર;
તેમાંથી કોઇ નહિ ઉગરે, મોટા મહિપતને ભાર–હેતે હરિરસ.

જનમીયા તે તો મરશે ખરારે, નહિ રહેશે જણનાર;
મરી ગયા તેને શું રડો, નહિ રહેશે રડનાર.–હેતે હરિરસ.
ધમણુ ધુમાડાના બાચકારે, હાથ ન આવે લગાર;
આકડાના તુર ઉડી જાશે, સ્વપ્નારૂપી સંસાર–હેતે હરિરસ.
માલણુ વીણે છે ફુલડાં ને, કલીઉં કરે છે વિચાર;
આજે તો તુજને તોડસે, કાલે મુજપર ભાર.—હેતે હરિરસ.
દાસ ધીરો રસ રામમાં, ખેડે દિવસ ને રાત;
મેંતો મારૂં નિશ્ચે કર્યું, સતગુરૂજીને સાથ.—હેતે હરિરસ.

(ભજન ચિંતામણી.)

ખાકનામા. (૬૦)

મુસાફર હોકે રહેતાથા, દુનીયાકા દરદ સહેતાથા;
સદા દીન રાત કહેતાથા, કે આખર ખાક હોજાના. ૧
ઉમર સબ ખો રહે સારી, પડે દુખ ગોરમેં ભારી;
લહું સે નેન કર જારી, કે આખર ખાક હો જાના. ૨
અગર ગાફલ જો કોઇ હોવે, ઉમર સો રાત દીન ખોવે;
ખુવાબકી નીંદમેં સોવે, કે આખર ખાક હો જાના. ૩
ન સોહ સુખ સેજ રહા તમે, સદા રહેજે હેધતા હેતમે;
અજલ પહોંચેગા સાહેતમે, કે આખર ખાક હો જાના. ૪
જીનું ઘર ઝુલતે હાથી, હજારા રાત દીન સાથી;
ઉનુંકુ ખાક અબ ખાતી, કે આખર ખાક હો જાના. ૫

જીનુંકે લાખ થે ઘોડે, સદા જરબફતકે જોડે;
ઉનુંકુ મોતને મોડે, કે આખર ખાક હો જાના. ૬
સલેમાં શહાથે હાતમ, અગર નૌશેરવાં ખાતમ,
દુનીઆસે કર ચલે માતમ, કે આખર ખાક હો જાના. ૭
સિકંદર રૂમકે સુલતાં, અગર જમશેર થે લુકમાં;
ઉનેભી ગલે કફન પહેના, કે આખર ખાક હો જાના. ૮
યુસફ શાહે ફીન આની, જુલેખાં મીસરકી રાની;
કીયે સબ મોતને ફાની, કે આખર ખાક હો જાના. ૯
સઘાંભી બેઠતે મીલ મીલ, મહેલમે બાજતે તંબલ;
રહેસો ગોરમે ગલગલ, કે આખર ખાક હો જાના. ૧૦
ખુશીસે મહેલમે હસ્તે, હજારાં બાગકે રસ્તે,
દેખો અબદુલમે બસ્તે, કે આખર ખાક હો જાના. ૧૧
બીછાને રેશમી રખતે, ખુધાકા ખૌફ નહિ રખતે;
મજાસો મૌતકી ચખતે, કે આખર ખાક હો જાના. ૧૨
હજારાં દેશકે રાજા, ઉંનું મુખ ચાંદભી લાજા;
નગારા મોતકા બાજા, કે આખર ખાક હો જાના. ૧૩
નં કર તું માલકી મસ્તી, ઉમર ચલ જાયગી સસ્તી;
તલાતલ મોત હુએ હસ્તી, કે આખર ખાક હો જાના. ૧૪
નબી થે પાક પયગામ્બર, ખલકમે ચાંકથે અનવર;
ગએ સબ જાનકું છોડકર, આખર ખાક હો જાના. ૧૫
વલી હક રહા કે આલમ, લોએ સબ ધીનકે આલમ;
ન રહે વો મોતથી આલમ, કે આખર ખાક હો જાના. ૧૬

પયગ્રાંબર પાકથે સારે, વોહી સબ મોત સે હારે;
લેહેદમે ખોદકર ગાડે, કે આખર ખાક હોજાના ૧૭
લટકતી બાંધતે પાગાં, મહેલમેં રંગ ઔર રાગાં;
ઉનું ઘર બહેઠતે કાંગા, કે આખર ખાક હોજાના. ૧૮
તખ્તપર હુકમ જો કરતે, ખજાના માલકા ભરતે;
દેખો ઉસે ધુલમે ધરતે, કે આખર ખાક હોજાના ૧૯
સિપાઇ પાલખી ચડતે, હજારાં રાજાસું લડતે;
દેખો સોઇ ગોરમેં પડતે, કે આખર ખાક હોજાના. ૨૦
કઠન હુએ ગોર અંધારી, ધરધ ગમ ઉસ્મે હુએ ભારી;
નેનસે આભકર જારી, કે આખર ખાક હોજાના. ૨૧
જીનુ ઘર લાખથે હીરે, સદા મુખ પાનકે બીડે;
ઉનુકું ખાગએ કીડે, કે આખર ખાક હોજાના. ૨૨
અજલ સાહેતમે આવે, અંધેરી લેહેદમે જાવે,
સરાસર ધુલ ઉસે ખાવે, કે આખર ખાક હો જાના. ૨૩
જીનુકે પુત ઔર પોતે, સદા સુખ સેજપર સોતે;
ઉનુકું લે ચલે રોતે, કે આખર ખાક હો જાના. ૨૪

ભજન. નારદ મુનીનો (૬૧)

હે જીવ જપીલે જીવન દાતા સ્વામીને.
સ્વામીને બહુ નામીને-જીવ.
છોડીદે છોડી બધી, ખટપટ ખાલી;
સુખને સાધીલે દુખ વામીને.............હે જીવ.
મમતાને માયા જાણી, જેવું ઝાંઝવાનું પાણી;
મન મૃગ તજ ખોટી તૃષ્ણા ખામીને........હે જીવ.
માયાનાં બંધ તોડી, પરીબ્રહ્મ તાર જોડી;
મુક્ત થઈજા મોક્ષ પામીને......................હે જીવ.
બ્રહ્મર્ષિ નારદ, ખટપટ છોડી;
ઘટમાંહે શોધીલે અંતર જામીને...............હે જીવ.

(વિશ્વામિત્ર.)

પ્રભુ ભજવા વિષે. (૬૨)

પ્રભુને ભજે તે જન શાણારે,
બીજા જન જાણ્યા જગમાં કહેવાણા જડ રહાણા.
પિંડમાંહી જેવું તેવું, બ્રહ્માંડે ભાળે રે,
ધર્મ પોતાનો સદા સમજીને પાળે રે;
જે ટાળે માયાના તાણા વાણારે—બીજાજન–.

(માલતી માધવ.)

જીવનલાલ અમરશી મહેતા.
માલીક અને મેનેજર-પ્રિન્ટિંગવર્ક્સ એન્ડ બુક્સ એજન્સી.
ઠે. પીરમશાહ રોડ—અમદાવાદ